**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ**

**રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/કવા–૦૪/૧૮–૧૯/ 3567-13** તા. 22-5-19

**રજી. એ.ડી. પત્ર**

**પ્રતિ,**

સાવલિયા ગીરીધરભાઈ ધુસાભાઈ,

મિનલ વાવ

જલારામ વિરપુર

તા. જેતપુર

**મો:90 33 35 1060**

**વિષય :–મીટર બિલિંગ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૧–૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૯/કવા–૦૪/૧૮–૧૯)**

**શ્રીમાન,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

68

**આપનો વિશ્વાસુ**

**(સી.જે.ગજેરા)**

**કા.વા. કન્વીનર**

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ**

**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ**

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા–૦૪/૧૮–૧૯/** 3567-13 તા. 22-5-19

૨૦૦3 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૯/ક્વા–૦૪/૧૮–૧૯

| | |
|---|---|
| અરજદાર: | સાવલિયા ગીરીધરભાઈ ઘુસાભાઈ ગામ: વીરપુર તા. જેતપુર |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઇજનેર વિ.જી.મારકણા વિભાગીય કચેરી – ગોંડલ |

:: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૦૮-૦૫-૨૦૧૯ |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮-૦૫-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **સાવલિયા ગીરીધરભાઈ ઘુસાભાઈ ગામ: વીરપુર તા. જેતપુર** ની અરજી ના નોંધણી નંબર : સીજીઆરએફ/૧૯/ક્વા–૦૪/૧૮–૧૯ ૧૯/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓના ૦૩ હોપાના ખેતીવાડી વીજજોડાણ મા વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૮ દરમ્યાન રીડીંગ ૬૮૯૬૮ રીડીંગ બતાવેલ છે, જ્યારે સરેરાશ વીજવપરાશ ૩૫૦ યુનીટ આવે છે. આમ, એકાએક યુનીટ માં જમ્પ આવી જતા – ૬૧૯૫૩ યુનીટ નુ વીજબીલ આવેલ હોય – યોગ્ય ન જણાતા – તા.૦૬–૧૨–૧૮ ના રોજ મીટર બદલાવેલ – જે મીટર ની લેબોરેટરી ચેકીંગ મુજબ – મીટર યોગ્ય છે, આમ –અરજદાર ને ૬૧૯૫૩ યુનીટ અયોગ્ય જણાયેલ છે, જેથી - અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી સાવલિયા ગીરીધરભાઈ ઘુસાભાઈ ના ગ્રાહક નં.– ૮૭૭૬૦૦૨૮૭૨૫ થી ખેતીવાડી વીજજોડાણ ૦૩ હોપાનુ ધરાવે છે. જેઓના વીજબીલ તા.૨૨ -૧૧–૧૮ ના રોજ મીટર રીડીંગ - ૬૧૯૫૩ KWH આવતા, સદર વીજ મીટર નુ લેબોરેટરી ચેકીંગ અર્થે તા.૦૬–૧૨-૧૮ ના રોજ બદલાવી અને પેપરપેક કરેલ. જે વીજ મીટર નુ લેબ પરીક્ષણ – તા.૧૪ ૧૨ ૧૮ ના રોજ

કરતા – વીજ મીટર યોગ્ય જણાયેલ તથા લેઝર રીપોર્ટ અને MRI રીપોર્ટ ની નકલ ગ્રાહકને આપેલ છે . આમ – અરજદાર ને ૬૧૯૫૩ યુનીટ યોગ્ય ન લાગતા ફોરમ સમક્ષ રજુઆત કરેલ.

ઉપરોક્ત બાબતે અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ અર્થે વિભાગીય કચેરી ની ફરીયાદ નિવારણ કમિટી દ્વારા તા.૦૨–૦૫–૧૯ ના રોજ – સદર કેઈસ ને લગતા આનુષાંગીક પરીબળો – જેવાકે એમ.આર.આઈ. અહેવાલ, ટેમ્પર ડેટા, વીજભાર વપરાશ ની પેટર્ન, તથા એમ.આર.આઈ. રીડીંગ તથા લેઝર ના રીડીંગ વગેરે ધ્યાનમાં લેતા,ઓગસ્ટ-૨૦૧૭ સુધી એમ.આર.આઈ ના ટેમ્પર ડેટા તા.૦૨.૦૮.૨૦૧૭ સુધી ૫૫૦૯.૦૯૫૦ KWH દર્શાવે છે જે યોગ્ય છે પરંતુ તા.૧૯.૨.૨૦૧૮ ના ટેમ્પર ડેટા માં રીડીંગ ૬૭૬૪૫.૨૫૨૦ દર્શાવે છે એટલે કે તા.૦૨.૦૮.૨૦૧૭ થી તા.૧૯.૨.૨૦૧૮ , ૨૦૧ દિવસમાં કુલ ૬૨૧૩૬ KWH નો વીજપરાશ બતાવે છે તે મુજબ પ્રતિ દિવસ ૩૦૯ યુનિટ નો વીજ વપરાશ થયેલ છે.

અરજદારની ફરીયાદ અન્વયે તા. ૧૨.૦૩.૨૦૧૯ ના રોજ વીજસ્થાપન ચેકિંગ કરતા વીજ મીટરમાં ૬.૫૮KW MD નોંધાયેલ તે મુજબ ૭.૫ HP નો વપરાશ નોંધાયેલ છે તે મુજબ ખેતીવાડીમાં મહતમ ૩-ફેઈસ ૧૦ કલાક વીજ પુરવઠો આપવામાં આવે તો રોજના ૬૫.૮ KWH નો વીજ વપરાશ થાય. જેથી સદર વીજ મીટરમાં નોંધાયેલ વીજ વપરાશ લોડની સાપેક્ષમાં અસામાન્ય છે તેમજ PRT-૧૪૫ મુજબ ક્યારેય આટલો વધારે વીજ વપરાશ નોંધાયેલ નથી તે મુજબ સદર મીટરમાં – મીટર રીડીંગ જમ્પ હોવાનુ ફલીત થતા – ચડત યુનીટ નુ બીલ, MRI રીપોર્ટના આધારે ગ્રાહકને આપવામાં આવેલ તફાવતના યુનીટનું બીલ જમા આપવાપાત્ર થાય છે, જે ગ્રાહક ના ખાતામાં જમા આપી સદર ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે. જે બદલ, અરજદારે સમાધાન પત્ર તા.૦૪–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૦૪–૦૫–૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે. બી. પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot